તારીખ : ૧૦-૨-૨૦૨૦ સોમવાર નોબત (૨૫)

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માતૃભાષા સંવર્ધન અંગે સેમિનાર યોજાયો




જામનગર તા. ૧૦: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે ચેમ્બર હોલમાં માતૃભાષા સંવર્ધન અંગે શિક્ષકો માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન આકાશભાઈ બારડ, શાસનાધિકારી સી.એમ. મહેતા તથા માતૃભાષા સંવર્ધન વિશે માર્ગદર્શન આપવા ડો. રાજેન્દ્ર ચોટલીયા (પ્રોફેસર સૌ.યુનિ. રાજકોટ), ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં સંસ્થાના કારોબારી સમિતિના સભ્યો, શિક્ષકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું અને જણાવ્યું હતું કે, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ ઉદ્યોગો સાથે સામાજિક કાર્યો પણ કરતી રહી છે.

ગત વર્ષે ચેમ્બર દ્વારા અનેકવિધ કાર્ય કરવામાં આવ્યાં હતાં. જેમાં સ્કૂલોમાં ડસ્ટબીન, સાબુ, હેન્ડવોશ, વોટર પ્યોરીફાયર ટેન્ક વિગેરેનું વિતરણ કર્યુ હતું. સંસ્થાની એજ્યુકેશન પેનલના ચેરમેન વિગેરેએ વક્તા ડો. રાજેન્દ્ર ચોટલીયાનું મોમેન્ટો આપી સન્માન કર્યુ હતું.

શાસનાધિકારી સી.એમ. મહેતાએ જણાવ્યું હતું કે, હાલ સરકાર દ્વારા માતૃભાષા સંવર્ધન કાર્યક્રમો ચલાવાઈ રહ્યાં છે. જ્યારે ચેમ્બરે આ કાર્યવાહી હાથ ધરી છે તે આવકાર્ય છે. આજે જે પણ જ્ઞાન મળે તેનો ઉપયોગ દરેક શાળામાં થવો જોઈએ.

શિક્ષણ સમિતિના ચેરમેન આકાશ બારડએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે, માતૃભાષા શિખવી ખૂબ જ જરૂરી છે. વિષય થોડો અઘરો પણ ખૂબ જ જરૂરી છે. મુખ્ય વક્તા ડો. રાજેન્દ્ર ચોટલીયાએ માતૃભાષાના મહત્ત્વ વિશે જણાવ્યું હતું અને ઉત્કૃષ્ટ માર્ગદર્શન આપ્યુ હતું. સમગ્ર દુનિયામાં ૫૮૦૦ ભાષા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.